ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૧૭ મે, ૨૦૨૬

ચરોતરમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સુકાન સોંપવાની પ્રક્રિયાનો પ્રારંભ

આણંદની 6 પાલિકાઓની 19 મે, આઠ તાલુકા પંચાયતની 23 મેં અને જીલ્લા પંચાયતની 25મેની પ્રથમ બેઠકમાં હોદ્દેદારો નિયુક્ત થશે

(પ્રતિનિધિ) આણંદ, તા.16

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ હવે નવા પદાધિકારીઓને નિમણૂંક બાબતે પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આગામી 19 મી મેના રોજ 6 નગરપાલિકાઓ,23મીએ આઠ તાલુકા પંચાયતમાં અને 25મીએ જીલ્લા પંચાયત માટે પ્રમુખ-ઉપપ્રમુખ માટેની ચૂંટણી માટેની પ્રથમ બેઠક માટે નોટિસ જાહેર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત એપ્રિલ માસમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મનપા જીલ્લા પંચાયત, સાત તાલુકા અને છ નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીએ બહુમતી સાથે સત્તા મેળવી છે. આ નગરપાલિકાઓમાં ઉમરેઠ, ખંભાત, પેટલાદ, બોરસદ, સોજિત્રા અને તારાપુરના સમાવેશ થાય છે. હવે આ તમામ 6 નગરપાલિકાઓના સભાખંડ ખાતે 19 મી મેના રોજ બપોરના 12 કલાકે નિયુક્ત ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં સામાન્ય સભા યોજાશે અને તેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટેના ફોર્મ ભરી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મોટાભાગની નગરપાલિકામાં જે તે રોટેશન મુજબ જ્ઞાતિ કે વર્ગ માટે અનામત રાખવામાં આવેલી બેઠકો ઉપર પક્ષ દ્વારા જ જે- તે નામ નક્કી કરાયેલા છે. જોકે સેન્સ પ્રક્રિયામાં મોવડી મંડળ અને પોતાના ગોડફાધર સાથે દાવેદારોએ પોતાની દાવેદારી નોંધવી હતી.પરંતુ શિસ્તબધ્ધ પાર્ટી ભાજપમાં અસંતોષને કોઈ સ્થાન નથી તેમ છતાં પક્ષ દ્વારા ગુપ્ત રાહે નજર રાખવામાં આવી રહી છે.

તા. 19 મે ના રોજ નિયુક્ત અધિકારીના અધ્યક્ષ સ્થાને આ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવામાં આવશે. છ નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની નિમણૂક માટે ચુંટણી પ્રક્રિયા સંપન્ન થઈ ગયા બાદ 23મીએ આઠ તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ માટે પણ ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જેમાં નિયુક્ત અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રમુખ ઉપપ્રમુખ માટે દાવેદારો પોતાની ઉમેદવારી નોંધાવી શકશે. જ્યારે આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ માટે 25મીએ ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જીલ્લા પંચાયત આણંદની પ્રથમ સભા આણંદ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળશે.જેમા જીલ્લા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખ માટે દાવેદારો પોતાની ઉમેદવારી નોંધાવશે.

ચૂંટણીના દિવસે સવારે જે તે કચેરી ખાતે મેન્ડેટના બંધ કવર મોકલી આપવામાં આવશે

આ સામાન્ય સભાઓમાં કારોબારી સહિત અન્ય સમિતિના ચેરમેન બનાવવા પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ માટે અગાઉથી જ ભાજપના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં નામો પર ચર્ચા કરીને તેમની પસંદગી કરી દેવામાં આવી છે એટલે ચૂંટણીના દિવસે સવારે જે તે કચેરી ખાતે આ અંગેના બંધ કવર મોકલી આપવામાં આવશે. તે પહેલા જે તે ભવન ખાતે ચૂંટાયેલા સભ્યોને એક બેઠકમાં પ્રદેશ કક્ષાએથી નિમાયેલા નિરીક્ષકો ઉપસ્થિત રહીને આ બાબતે માર્ગદર્શન તથા મેન્ડેડની જાણ કરશે. આ સામાન્ય સભામાં પક્ષનો વ્હીપ પણ આપવામાં આવશે.

ખેડાની 4 નગરપાલિકા 10 તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના હોદ્દેદારો નિયુક્ત થશે

19 મેના રોજ નગરપાલિકામાં 23 તારીખે તાલુકા પંચાયતોમાં અને 25 મેના રોજ જિલ્લા પંચાયત માટે ચૂંટણી યોજાશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.16

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના તાજેતરમાં જાહેર થયેલા પરિણામો બાદ હવે હોદ્દેદારોની વરણી માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે. વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર આગામી 19 મેના રોજ 4 નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજાશે જ્યારે 23 મેના રોજ 10 તાલુકા પંચાયતો અને 25 મેના રોજ જિલ્લા પંચાયતના નવા હોદ્દેદારોની પસંદગી માટે પ્રથમ સભાઓ મળશે.

તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો જાહેર થયા બાદ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને રાજકીય પક્ષો હવે પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દા મેળવવા માટે સક્રિય બન્યા છે. ચૂંટણી પંચના નિર્દેશો મુજબ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ હોદ્દેદારોની ચૂંટણી માટેનો સત્તાવાર કાર્યક્રમ નિશ્ચિત કરવામાં આવ્યો છે. જે મુજબ આગામી 19 મેના રોજ 4 નગરપાલિકાઓમાં ચૂંટાયેલા સભ્યોની પ્રથમ સામાન્ય સભા મળશે જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવશે. આ ચારેય નગરપાલિકાઓના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ સત્તા માટે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. વિપક્ષનું સંખ્યાબળ ઓછું હોવાથી શાસકો માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ખુરશી મેળવવામાં કોઈ અડચણ જોવા મળી રહી નથી. પક્ષના સંગઠન દ્વારા નક્કી કરવામાં આવેલા ઉમેદવારોને જ મેન્ડેટ આપવામાં આવશે અને તે જ ઉમેદવારો સરળતાથી બંને મહત્વના હોદ્દાઓ પર આરૂઢ થશે તે નક્કી માનવામાં આવી રહ્યું છે.

નગરપાલિકાઓ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મહત્વની ગણાતી પંચાયતી રાજની સંસ્થાઓના હોદ્દેદારોની ચૂંટણીની તારીખો પણ વહીવટી તંત્ર દ્વારા જાહેર કરી દેવામાં આવી છે. 23 મેના રોજ તમામ 10 તાલુકા પંચાયતોમાં અને ત્યારબાદ 25 મેના રોજ જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી કરવામાં આવશે. આ તમામ ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિકાસના કામોને નવી ગતિ મળવાની શક્યતાઓ જોવા મળી રહી છે.

૩.42.90 લાખની રોકડ સાથે આણંદ અને નડિયાદના બે શખસોની ધરપકડ, એક ફરાર

બોરસદ સિટી પોલીસે કરોડોના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન કરતું 'બેનામી' નેટવર્ક ઝડપ્યું

શખ્સોની બેગમાંથી 'રોઝી એન્ટરપ્રાઇઝ', 'એમ.એચ. એન્ટરપ્રાઇઝ' અને 'ચાંદની એન્ટરપ્રાઇઝ' જેવી પેઢીઓના સહી કરેલા ચેક મળ્યા

(પ્રતિનિધિ) આણંદ, તા.16

બોરસદ સિટી પોલીસે ગંજ બજાર ગેટ પાસેથી એક લક્ઝુરિયસ અર્ટિગા કારમાંથી રૂ. 42,90,000 ની બિનહિસાબી રોકડ રકમ, જુદી-જુદી બેંકોની શંકાસ્પદ ચેકબુકો અને પાસબુકો સાથે બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડી એક મોટા આર્થિક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

આ શખ્સો ગરીબ અને અન્ય નિર્દોષ લોકોના દસ્તાવેજો મેળવી ખોટી 'બેનામી' ઓફિસો ઊભી કરી કરોડો રૂપિયાનું હવાલા જેવું ટ્રાન્ઝેક્શન કરતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

બોરસદ ટાઉન પોલીસને પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે એક મારૂતિ અર્ટિગા કાર નં.જીજે-33-બી-9477 માં મોટા પ્રમાણમાં રોકડ રકમની હેરફેર થઈ રહી છે. જે અંગે પોલીસે ગંજબજાર ગેટ પાસે વોચ ગોઠવી હતી.અને બાતમી વાળી કારને ઝડપી પાડી હતી. કારમાંથી ડ્રાઈવર સીટ પર બેસેલ કોમીલ અબ્બાસ મીનસારીયા (રહે. સલાટીયાપુરા, આણંદ) અને તેની બાજુમાં બેસેલ કામીલહુસેન મકબુલ સૈયદ (રહે.નડિયાદ) પકડાયા હતા. ગાડીની તલાશી લેતા વિમલના થેલામાંથી અને સ્કૂલ બેગમાંથી ૫૦૦, ૨૦૦ અને ૧૦૦ ના દરની નોટોના અસંખ્ય બંડલો મળી આવ્યા હતા, જેની ઈલેક્ટ્રોનિક મશીનથી ગણતરી કરતાં કુલ ૪૨,૯૦,૦૦૦ રોકડા હોવાનું ખૂલ્યું હતું.

પકડાયેલા શખ્સોની બેગમાંથી 'રોઝી એન્ટરપ્રાઇઝ', 'એમ.એચ. એન્ટરપ્રાઇઝ' અને 'ચાંદની એન્ટરપ્રાઇઝ' જેવી પેઢીઓના નામે બેંક ઓફ બરોડા, યુનિયન બેંક અને એક્સિસ બેંકની સહી કરેલી અને કોરી ચેકબુકો મળી આવી હતી. પોલીસની ઊંડાણપૂર્વકની તપાસ માં બહાર આવ્યું કે, કામીલહુસેન સૈયદ અને આણંદના ૧૦૦ ફૂટ રોડ પર રહેતા હુસેનભાઈ ઉર્ફે રાજુભાઈ સોકતઅલી સવજાણીએ સાથે મળીને આ બેનામી નેટવર્ક ઊભું કર્યું હતું. તેઓ બોરસદ અને પેટલાદ ની બેંકોમાંથી રોજના લાખો રૂ પિયા ચેક મારફતે ઉપાડતા હતા. પોલીસે હાલ ત્રણેય શખ્સો સામે બોરસદ સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદની 'કોમ્પેક્ટ ક્રીપ ટેસ્ટિંગ મશીન'ની ડિઝાઈનને પેટન્ટ મળી

સરદાર પટેલ યુનિ.ના સંશોધકોએ ડિઝાઇન બનાવી

(પ્રતિનિધિ) આણંદ તા.17

સંશોધન અને નવીનતાના ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહેતી વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના શિરે વધુ એક યશકલગી ઉમેરાઈ છે. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ મટીરીયલ સાયન્સના સંશોધકો દ્વારા વિકસાવવામાં આવેલી એક વિશેષ મશીનની ડિઝાઈનને ભારત સરકારના પેટન્ટ કાર્યાલય દ્વારા 'સર્ટિફિકેટ ઓફ રજીસ્ટ્રેશન ઓફ ડિઝાઈન' એનાયત કરવામાં આવ્યું છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના મટીરીયલ સાયન્સ વિભાગના સંશોધકો ડૉ. ભાવેશ સોચા અને પ્રો. જીજ્ઞેશ વાળંદ દ્વારા 'કોમ્પેક્ટ ક્રીપ ટેસ્ટિંગ મશીન ઈન્ટિગ્રેટેડ હાઈ-લો ટેમ્પરેચર ઈનર્ટ ગેસ કોમ્પેટિબિલિટી' તૈયાર કરવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા આ ડિઝાઈનને નંબર 483594-001 સાથે અધિકૃત રીતે રજીસ્ટર કરવામાં આવી છે. આ સંશોધનને ડિઝાઈન્સ એક્ટ 2000 હેઠળ આગામી 10 વર્ષ માટે રક્ષણ અને માન્યતા મળી છે. આ સફળતા બદલ યુનિવર્સિટીના કુલપતિએ હર્ષ વ્યક્ત કર્યો હતો.

મશીનની વિશેષતા અને ઉપયોગીતા

- મલ્ટી-ફંક્શનલ: આ મશીન ધાતુઓ અને અન્ય પદાર્થોની મજબૂતી માપવા માટે સક્ષમ છે.
- વિવિધ વાતાવરણ: તે ઊંચા અને નીચા તાપમાને તેમજ નિષ્ક્રિય વાયુની હાજરીમાં પણ સચોટ પરીક્ષણ કરી શકે છે.
- કોમ્પેક્ટ ડિઝાઇન: તેની આધુનિક અને નાની ડિઝાઇન તેને નાની પ્રયોગશાળાઓ માટે અત્યંત અનુકૂળ બનાવે છે.

ખંભાત નગરપાલિકા દ્વારા જાહેર માર્ગો પરના 40 દબાણો હટાવાયા

ત્રણ બત્તી વિસ્તારમાં ઘર્ષણ છતાં પાલિકાએ કાર્યવાહી કરી

(પ્રતિનિધિ) ખંભાત તા.15

ખંભાત નગરપાલિકાએ શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા મુખ્ય માર્ગો પરથી દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરી છે. પોલીસ બંદોબસ્ત સાથે ગવારા બજાર, ત્રણ બત્તી અને લાલ દરવાજા વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન દબાણકર્તાઓ અને પાલિકાની ટીમ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

પાલિકા દ્વારા ગવારા ટાવર બજાર અને ત્રણ બત્તી રોડ પરના કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ અને માર્ગો ખુલ્લા કરવાના હેતુથી હાથ ધરવામાં આવી હતી.

દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ત્રણ બત્તી વિસ્તારમાં સ્થિતિ તંગ બની હતી. મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને દબાણકર્તાઓએ કામગીરીનો ઉગ્ર વિરોધ કર્યો હતો. જોકે, વિરોધ છતાં પાલિકાની ટીમે મક્કમતાથી દબાણો હટાવવાનું ચાલુ રાખ્યું હતું અને કાર્યવાહી પૂર્ણ કરી હતી.

સિંહોલ દૂધ મંડળીમાં ₹ 5.49 લાખની ઉચાપતમાં ચેરમેન સહિત 21 ની સંડોવણી

સગા વ્હાલાંના ખાતામાં દૂધ જમા બતાવી ચોકડી કરી લીધી

(પ્રતિનિધિ) આણંદ, તા.16

આણંદ પેટલાદની સિંહોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. મંડળીના ચેરમેન, વાઈસ ચેરમેન, કમિટી સભ્યો અને સેક્રેટરી સહિતના કર્મચારીઓએ આપસમાં મળીને પોતાની સગી માતા અને પત્નીના નામે દૂધ ભરાતું ન હોવા છતાં ખોટા રેકર્ડ ઊભા કરી રૂ. 5,49,786 ની નાણાકીય ઉચાપત કરી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જીલ્લા રજીસ્ટ્રાર-આણંદના આદેશ બાદ ઓડિટરે 21 વ્યક્તિઓ સામે મહેળાવ પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

સરકારી ઓડિટર વિજયકુમાર ઈશ્વરભાઈ ચૌહાણે નોંધાવેલી ફરિયાદ મુજબ, સિંહોલ દૂધ મંડળી સામે ગત વર્ષે સપ્ટેમ્બર 2025 માં સ્થાનિક અરજદારો દ્વારા જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં ગંભીર ગેરરીતિઓની ફરિયાદ કરવામાં આવી હતી. જેની તપાસ સહકારી અધિકારી એચ.આર. પ્રજાપતિને સોંપવામાં આવી હતી.

તપાસમાં ખૂલ્યા મુજબ મંડળીના ચેરમેન દિલીપભાઈ જાદવના માતા રઈબેન જાદવના ખાતામાં 3 માસમાં ખોટું 6,227 લીટર દૂધ દર્શાવી રૂ. 2,58,901 ચૂકવી દેવાયા હતા.મંડળીના સેક્રેટરી રમેશભાઈ જાદવના પત્ની હેતલબેનના ખાતામાં 2510 લીટર દૂધ બતાવી રૂ. 95,408 ચૂકવાયા હતા. કૃષિ વિકાસ કર્મચારી સંજયભાઈ જાદવના માતા લક્ષ્મીબેનના ખાતામાં 5,134 લીટર દૂધ દર્શાવી રૂ. 1,95,476 ચૂકવવામાં આવ્યા હતા.

આમ, કુલ 13,872 લીટરથી વધુ દૂધ ખોટી રીતે કાગળ પર દર્શાવી કુલ રૂ.549786 રૂપીયા મેળવી મંડળીના હોદ્દેદારોએ આપસમાં વહેંચી લીધા હતા. એટલું જ નહીં, મંડળીના હોદ્દેદારોએ વર્ષ 2024-25 ના બે અલગ-અલગ વાર્ષિક અહેવાલો છપાવી સામાન્ય સભા તેમજ અમુલ સંઘને પણ છેતરવાનો પ્રયાસ કર્યો હતો. મહેળાવ પોલીસે ગુનાહિત કૃત્યમાં સંડોવણી ધરાવતા 21 જેટલા ગુનાખોરો સામે ફરીયાદ નોંધી તપાસ ચલાવી છે.